# ધ્યાન દોરતી સૂચના સંબંધમાં રીત (નિયમ-૧૧૬)

(પહેલાં સચિવ સભ્યનું નામ પોકારે છે.)

| | |
|---|---|
| **સૂચના આપનાર સભ્ય:-** | "માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ-૧૧૬ અન્વયે નીચે જણાવેલી તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય ........................ મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું અને તેમને તે સંબંધી નિવેદન કરવાની વિનંતી કરું છું. |

(અહીં તેઓ સૂચનામાં જણાવેલી બાબત વાંચે છે)

**મંત્રીશ્રી:-** **નિવેદન વહેંચ્યા મુજબ.**

(આવા નિવેદન પર ચર્ચા કરવામાં આવતી નથી. પરંતુ વધુ માહિતી મેળવવાના હેતુ સારું એક કે બે પ્રશ્ન પૂછવાની પરવાનગી આપી શકાય છે.)

માન. શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રીનું નિવેદન

તા-૦૭/૦૨/૨૦૨૪

માન. ધારાસભ્યશ્રીની ઉક્ત સુચના અન્વયે, પ્રસ્તુત બનાવ સંદર્ભે નિયામક, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય, ગુજરાત રાજ્યનો અહેવાલ મેળવવામાં આવેલ છે. તદ્નુસાર તા- ૩૧/૦૧/૨૦૨૪ ના રોજ બપોરે ૧૩:૪૫ કલાકે 'ઓનેરીઓ લાઇફકેર પ્રાઇવેટ લિમીટેડ', ગામ એકલબારા, તાલુકો પાદરા, જિલ્લો વડોદરા ખાતે અકસ્માત બનાવ બનેલ જેમાં કુલ ૦૫ (પાંચ) શ્રમયોગીઓ દાઝેલ હતા જે પૈકી ૦૩ (ત્રણ) શ્રમયોગીઓના દુઃખદ અવસાન થયેલ છે અને ૦૨ (બે) શ્રમયોગીઓ સારવાર હેઠળ છે. સદરહુ બનાવના અનુસંધાને ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય વિભાગની વડોદરા કચેરી દ્વારા તપાસ કરવામાં આવેલ છે. સદરહુ કારખાનું 'ઓનેરીઓ લાઇફકેર પ્રાઇવેટ લિમીટેડ' નામે તારીખ ૧૮/૦૫/૨૦૦૫ થી કારખાના ધારા ૧૯૪૮ હેઠળ નોંધાયેલ કારખાનું છે.

સદરહુ કારખાનામાં વિવિધ દવાઓના કાચા માલ તરીકે વપરાતા "એક્ટીવ ફાર્માસ્યુટીકલ ઇન્ગ્રેડીએન્ટસ" ની ઉત્પાદન પ્રક્રિયા કરવામાં આવે છે. સદરહુ કારખાનામાં વિવિધ ઉત્પાદન પ્રક્રિયા દરમ્યાન ઉત્પન્ન થતા દુષિત કેમિકલયુક્ત પાણી કે જેમાં ઓર્ગેનિક અને ઇન-ઓર્ગેનિક કમ્પાઉન્ડ અને સોલ્વન્ટ નો થોડો ભાગ રહી ગયેલ હોય છે તેવા પાણીને બે ભાગમાં વિભાજીત કરી ઓછા ટોટલ ડીસોલ્વડ સોલીડસ ધરાવતા દુષિત કેમિકલયુક્ત પાણી ને ઇફ્લ્યુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ માં શુદ્ધીકરણ માટે લઇ જવામાં આવે છે અને વધુ ટોટલ ડીસોલ્વડ સોલીડસ ધરાવતા દુષિત કેમિકલયુક્ત પાણી ને કારખાનાના ઇફ્લ્યુઅન્ટ ટ્રીટમેનટ પ્લાન્ટના મલ્ટી ઇફેક્ટ ઇવેપોરેટોર અને એજીટેટેડ થીન ફિલ્મ ડ્રાયરમાં શુદ્ધીકરણ માટે લઇ જવામાં આવે છે જેમાં આ દુષિત કેમિકલયુક્ત પાણી નું શુદ્ધીકરણ કરી તેને નિકાલ યોગ્ય કરીને પાણીનો નિકાલ કરવામાં આવે છે.

તારીખ ૩૧/૦૧/૨૦૨૪ ના રોજ બપોરે ૧૩:૪૫ કલાકે એજીટેટેડ થીન ફિલ્મ ડ્રાયર સેકશન કે જેમાં દુષિત પાણી અને સોલ્ટ છુટા પાડવામાં આવે છે તેના ખુલ્લા

બોટમ માંથી ગરમ મટીરીયલ કોઇક કારણોસર અચાનક અવાજ સાથે તીવ્ર દબાણ સાથે બહાર આવવાનો અકસ્માતે બનાવ બનેલ તેમાં કારખાનામાં કામ કરતા ૦૫ (પાંચ) શ્રમયોગીઓ દાઝી ગયેલ જે પૈકી ૦૩ (ત્રણ) શ્રમયોગીઓ નામે (૧) ઠાકોર રાવજીભાઇ પરમાર (૨) નરેન્દ્ર કનુભાઇ સોલંકી (૩) રમેશભાઇ ગણપતભાઇ પઢિયાર ના દુ:ખદ અવસાન થયેલ છે અને કુલ ૦૨ (બે) શ્રમયોગીઓ નામે (૧) મયુરભાઇ લાલજીભાઇ પરમાર (૨) ભરત રમણભાઇ તિરગર ને ગંભીર રીતે દાઝી જતાં વડોદરા ખાતે કારખાનેદાર દ્વારા ખાનગી હોસ્પિટલ માં સારવાર અર્થે દાખલ કરેલ જેઓની સારવાર હાલ ચાલુ હતી જે પૈકી તા.૦૫/૦૨/૨૦૨૪ ના રોજ શ્રમયોગીશ્રી ભરત રમણભાઇ તિરગરની તબીયત સારી થતા હોસ્પિટલ માંથી રજા આપવામા આવેલ છે.

સમગ્ર વડોદરા જીલ્લામાં ધી એમ્પ્લોઇઝ સ્ટેટ ઇન્સ્યોરન્સ એક્ટ ૧૯૪૮ લાગુ પડતો હોઇ કારખાનામાં અકસ્માત માં મૃત્યુ પામેલ શ્રમયોગીઓના કાયદેસરના વારસદારોને કેન્દ્ર સરકારશ્રી ના ઈ.એસ.આઈ.સી. વિભાગ દ્વારા મળવાપાત્ર વળતર ચુકવવાની કાર્યવાહી કરવાની થાય છે જેના દાવા કારખાનેદાર દ્વારા ઈ.એસ.આઈ.સી. વિભાગમાં રજુ કરેલ છે. સારવાર હેઠળ ના શ્રમયોગીઓને પણ ઈ.એસ.આઈ.સી./કામદાર વળતર અધિનિયમ ૧૯૨૩ હેઠળ મળવાપાત્ર વળતર અંગેના દાવા કારખાનેદાર દ્વારા રજુ કરી દીધેલ છે.

આ ઉપરાંત મૃત્યુ પામેલ ૦૩ (ત્રણ) શ્રમયોગીઓના પરિવારજનોને રાજ્ય સરકારના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર તંત્રના સક્રિય પ્રયત્નોથી માનવતાના ધોરણે ૩૦-૩૦ લાખ (ત્રીસ-ત્રીસ લાખ) આમ કુલ રૂ. ૯૦,૦૦,૦૦૦ (નેવુ લાખ) કારખાનેદાર પાસેથી ચુકવણુ કરાવડાવવામાં આવેલ છે.

કારખાનામાં હાલમાં ઉત્પાદન પ્રક્રિયા બંધ કરવા માટે નાયબ નિયામક (ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થય વડોદરા) દ્વારા કારખાના ધારા ૧૯૪૮ હેઠળ મનાઈ હુકમ આપવામાં આવેલ છે. કારખાનામાં અકસ્માતે બનેલ બનાવ અન્વયે આનુષાંગિક વિગતવાર તપાસ ચાલુ છે.

***

એ

| ક્રમ | વિષય | કાર્યવાહી |
| --- | --- | --- |
| ૧ | કારખાનામા થતા અકસ્માતો ઘટાડવા માટે સરકાર દ્વારા લીધેલ પગલાની વિગત : | ➢ નિયામક ઓદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય તંત્ર દ્વારા કારખાનાની તપાસ કરવામા આવે છે તથા જરૂર જણાયે માલિકને કારણદર્શક નોટીસ આપી કાયદાનુ પાલન કરવા જાણ કરવામાં આવે છે. જો માલિક દ્વારા પાલન ન કરવામા આવે તો નામદાર કોર્ટમા ફોજદારી કેસ દાખલ કરવામા આવે છે.<br>➢ રાજ્યમા વર્ષ ૨૦૨૩ કારખાના ધારા હેઠળ ૩૯૦૧ ફોજદારી કેસો દાખલ કરવામા આવેલ છે.<br>➢ કારખાનામા થતા અકસ્માતો ઘટાડવા રાજ્યમા વર્ષ ૨૦૨૩ મા ૭૨૨ સલામતીના કાર્યક્રમો કરવામા આવેલ છે.<br>➢ અતિ જોખમી કારખાના ધરાવતાં જિલ્લામાં કારખાનાઓમા જો કોઇ ઇમરજન્સી ઉપસ્થિત થાય તો તેને પહોચી વળવા દર વર્ષે જિલ્લા કલેકટરશ્રીના અધ્યક્ષસ્થાને રચાયેલ ડીસ્ટ્રીકટ ક્રાઇસીસ ગ્રુપ દ્વારા જિલ્લાના ઓફસાઇટ પ્લાનનુ રીહર્સલ કરવામા આવે છે. |
| ૨ | “ઓનેરીઓ લાઇફકેર પ્રાઇવેટ લીમીટેડ” કારખાના સામે કારખાના ધારા ૧૯૪૮ હેઠળ લીધેલા પગલાની વિગત : | ➢ નાયબ નિયામક, ઓદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય વડોદરા દ્વારા કારખાના ધારા ૧૯૪૮ ની જોગવાઇ હેઠળ મનાઈ હુકમ આપવામાં આવેલ છે. જેના પગલે હાલમાં કારખાનાનું ઉત્પાદન કાર્ય સંપુર્ણપણે બંધ કરાવી દેવામાં આવેલ છે.<br>➢ અકસ્માતના બનાવ અન્વયે આનુષાંગિક વિગતવાર તપાસ ચાલુ છે. |
| 3 | **અકસ્માતમાં મૃત્યુ પામેલ શ્રમયોગીના વળતરની વિગત:**<br>**(૧) ઠાકોર રાવજીભાઇ પરમાર**<br>એચ.ડી.એફ.સી.બેંક વડોદરા ના ખાતામાં ખાતા નં. (૫૦૧૦૦૫૪૮૮૫૯૬૮૦) રૂ.30 લાખ<br>**(૨) નરેન્દ્ર કનુભાઇ સોલંકી**<br>એચ.ડી.એફ.સી.બેંક વડોદરા ના ખાતામાં ખાતા નં. (૫૦૧૦૦૫૯૫૪૧૩૬૮૭) રૂ.30 લાખ<br>**(3) રમેશભાઇ ગણપતભાઇ પઢિયાર**<br>સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા આણંદના ખાતામાં ખાતા નં. (3૧૯૫૫૫૩૯૬૦) રૂ.30 લાખ | ➢ મૃત્યુ પામેલ શ્રમયોગીઓની સંખ્યા-3<br>કુલ રૂા. ૯૦ લાખ માલિક દ્વારા તા.૦૪/૦૨/૨૦૨૪ ના રોજ શ્રમયોગીના બેંકના ખાતામા જમા કરાવેલ છે.<br>➢ મૃત્યુ પામેલ શ્રમયોગીઓના કાયદેસરના વારસદારોને કામદાર રાજ્ય વિમા કોર્પોરેશન દ્વારા મળવાપાત્ર વળતર ચુકવવાની કાર્યવાહી માલિક દ્વારા કરવામા આવેલ છે તથા સારવાર હેઠળના શ્રમયોગીઓને વળતર અંગેના દાવા પણ માલિક દ્વારા રજુ કરી દીધેલ છે. |

## પુરક પ્રશ્નો

## ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૧૬ હેઠળની તાકીદની જાહેર અગત્યની બાબત

| પ્રશ્ન પુછનાર માન ધારાસભ્યશ્રીનું નામ:.શ્રી કેયુરભાઇ રોકડીયા  સયાજીગંજ વડોદરા | |
|---|---|
| ૦૧ | કારખાનામા થતા અકસ્માતો ઘટાડવા માટે સરકાર દ્વારા શા પગલા લેવામા આવે છે? |
| જવાબ | કારખાનામા થતા અકસ્માતો ઘટાડવા માટે શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ અંતર્ગત  નિયામક ઓદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય તંત્ર દ્વારા વિવિધ કાયદાઓનુ અમલીકરણ કરાવવામા આવે છે તે અંતર્ગત<br>• કારખાનની તપાસણી કરવામા કરવામા આવે છે. તપાસણી વખતે કારખાના ધારા હેઠળની વિવિધ જોગવાઇઓનુ નીરીક્ષણ કરવામા આવે છે અને જો તેમા કોઇ ક્ષતિ માલુમ પડે તો કારખાનેદારને કારણદર્શક નોટીસ આપીન કાયદાનુ પાલન કરાવડાવવામા આવે છે અને જો પાલન ન કરવામા આવે તો નામદાર કોર્ટમા ફોજદારી કેસ દાખલ કરવામા આવે છે. જે અન્વયે સમગ્ર રાજ્યમા વર્ષ ૨૦૨૩ મા કુલ-૩૯૦૧ ફોજદારી કેસો નામદાર કોર્ટમા દાખલ કરવામા આવે છે.<br>• આ ઉપરાંત  કારખાનામા થતા અકસ્માતો ઘટાડવા માટે વિવિધ સલામતીના કાર્યક્રમો કરવામા આવે છે. જે અંતર્ગત  સમગ્ર રાજ્યમા વર્ષ ૨૦૨૩ મા કુલ-૭૨૨  સલામતીના કાર્યક્રમો કરવામા આવેલ છે જેમા કુલ ૩૫૦૧૬ શ્રમયોગીઓએ ભાગ લીધેલ છે.<br>• આ ઉપરાંત કારખાનામા ઉત્કૃષ્ટ કામગીરી કરનાર  શ્રમયોગીને રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે શ્રમ એવોર્ડ એનાયત કરવામા આવે છે.<br>• આ ઉપરાંત જે જિલ્લામાં અતિ જોખમી કારખાનાઓ આવેલ હોઇ તેવા જિલ્લામાં કારખાનાઓમા જો કોઇ ઇમરજન્સી  ઉપસ્થિત થાય તો તેવા વખતે તેને પહોચી વળવા દર વર્ષે જિલ્લા કલેકટરશ્રીના અધ્યક્ષસ્થાને રચાયેલ ડીસ્ટ્રીકટ ક્રાઇસીસ ગ્રુપ દ્વારા જિલ્લાના ઓફસાઇટ પ્લાનનુ રીહર્સલ કરવામા આવે છે.<br>• સમગ્ર રાજ્યમા વર્ષ-૨૦૨૧ મા નોધાયેલ કુલ ૪૫૯૨૦ કારખાનોમાં અક્સ્માત થતા  કુલ ૨૪૪ શ્રમયોગીઓનુ અક્સ્માતે મૃત્યુ થયેલ, |

| | |
|---|---|
| | વર્ષ-૨૦૨૨ મા નોધાયેલ કુલ ૪૭૭૬૨ કારખાનોમાં અક્સ્માત થતા કુલ ૨૩૮ શ્રમયોગીઓનુ અક્સ્માતે મૃત્યુ થયેલ અને વર્ષ-૨૦૨૩ મા નોધાયેલ કુલ ૪૯૨૪૬ કારખાનોમાં અક્સ્માત થતા કુલ ૨૩૨ શ્રમયોગીઓનુ અક્સ્માતે મૃત્યુ થયેલ જે દર્શાવે છે કે સરકારના સઘન પ્રયત્નોને લીધે રાજ્યમા થતી ઓદ્યોગિક ક્ષેત્રની વિકાસલક્ષી યાત્રામા કારખાનાઓની સંખ્યામા જોવા મળતા ઉત્તરોતર વધારાની સામે અક્સ્માતોમા થતી જાનહાનિમા ઘટાડો જોવા મળેલ છે.<br>• કારખાનામાં થતા પ્રાણઘાતક અકસ્માતમાં નિરંતર ઘટાડો થયેલ છે. કારખાનામાં થતા પ્રાણઘાતક અકસ્માતનો દર છેલ્લા ૨૦ વર્ષમાં દર ૧000 શ્રમયોગીએ સરેરાશ 0.૧૪ હતો જે ઘટીને વર્ષ ૨૦૨૩માં 0.0૯ થયેલ છે. |

| પ્રશ્ન પુછનાર માન ધારાસભ્યશ્રીનું નામઃ.શ્રી ચૈતન્યસિંહ ઝાલા પાદરા | |
|---|---|
| 0૨ | **કારખાનામા અક્સ્માતનો બનાવ બને છે તેવા કિસ્સામા સરકાર દ્વારા શી કાર્યવાહી કરવામા આવે છે ?** |
| જવાબ | કારખાના ધારા ૧૯૪૮ હેઠળ નોંધાયેલ કારખાનાઓમા અક્સ્માતનો બનાવ બને ત્યારે કારખાના ધારા હેઠળ નિમાયેલ અધિકારી દ્વારા વિગતવાર તપાસ કરી કારખાના ધારા તથા તે હેઠળ ઘડાયેલ નિયમ હેઠળ ની જે જોગવાઇઓનો ભંગ થતો હોઇ તે અંગે કારખાનેદાર સામે કારખાના ધારા ની કલમ હેઠળ મળેલ ૧૦૫-સત્તાની રૂએ નામદાર કોર્ટ સમક્ષ ફોજદારી કેસ દાખલ કરવામા આવે છે . |